**મિશન મગલમ તાલુકા પંચાયત કચેરી**
**સાફલ્યગાથા**

ગામનું નામ : એછવાડા
તાલુકો : પાટડી
જિલ્લો : સુરેન્દ્રનગર

**સ્વસહાય જુથની વિગત**

**જુથની રચના : ૧૪/૦૯/૨૦૦૯**

**જુથનું નામ : ગાયત્રી સખી મંડળ**

**પ્રમુખનું નામ : રૂપાબેન કાળુભાઈ**

**મંત્રીનું નામ : હંસાબેન ડી.રાવળ**

**જુથની પ્રવૃતિ : શાકભાજીનો વેપાર**

**સભ્ય સંખ્યા : ૧૧**

**સભ્યની માસીક બચત : રૂા.૫૫૦ /–**

**કુલ બચત : રૂા.૨૮૦૦૦ /–**

**બેકનું નામ : પંજાબ નેશનલ બેંક , વણોદ**

**ખાતા નંબર : ૦૪૦૦૦૫૭૧૭૦**



## પૂર્વ ભુમિકા

અમો એછવાડા ગામની બહેનો છીએ અમારા આખા કુટુંબનું ભરણપોષણ એક જ વ્યકિત પર હતુ.યોગ્ય રીતે અમો કુટુંબનું ભરણપોષણ આપી શકતા ન હતા.સ્ત્રી વર્ગ એ પણ પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા ઘરની બહાર નીકળવું પડે છે. પરિણામે ઘર અને બાળક તરફ ધ્યાન આપી શકાતુ નથી.

## પ્રવૃતિની શરૂઆત :

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,સુરેન્દ્રનગર હસ્તકના મિશન મંગલમ યોજના અંતર્ગત અમારા મંડળની રચના થયેલ છે. જેમા ૧૧ બહેનોથી અમારા મંડળની રચના કરેલ છે. અમારા મંડળનું ખાતુ પંજાબ નેશનલ બેંક, વણોદ શાખામાં છે. અમારી મંડળની માસીક બચત રૂા.૫૫૦/– છે. સભ્યોનુ જીવન ઉચુ લાવવા અને આર્થિક રીતે પગભર કરવા માટે શાકભાજીનો વેપાર શરૂ કરવામાં આવે છે.

આ પ્રોજેકટ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના જુદા જુદા ગામોમાં બનેલ સ્વસહાય જુથો પૈકી નિયમીત રીતે બચત કરતા અને અંદરો અંદર ધિરાણની પ્રવૃતિ કરતા બી.પી.એલ અને એ.પી.એલ મહિલા સ્વસહાય જુથોનું બેંક ગ્રેડીગ કરાવી. મિશન મંગલમ યોજના અંતર્ગત પ્રોજેકટ કક્ષાએથી આર્થિક રીતે પગભર બનવા માટે દરેક જુથોને જુથદીઠ રૂા.૫૦૦૦/– રીવોલ્વીગ ફંડ આપેલ છે. આ બહેનો પોતાના મંડળમાંથી આંતરીક ધિરાણ કરી ને શાકભાજી પોતાની વાડીમાં ઉગાડીને વેચાણ કરે છે. અને પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે.માનવકલ્યાણ યોજના દવારા રૂા.૩૦૦૦/– ની કીટ મળેલ છે.

## સાર

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દવારા ચાલતી મિશન મંગલમ યોજના દવારા અમારા જુથની અમારા જેવી ગ્રામ્ય મહીલાઓની આર્થિક અને સામાજીક દરજજામાં સુધારો લાવવા માટે આત્મવિશ્વાસ અને આત્મસંમાન સ્વાયતતા ઉભી કરવા માટે આર્થિક રીતે આ યોજના અમો માટે આર્થિક રીતે આ યોજના અમો માટે મદદરૂપ બને છે. અમોને આ પ્રેરણા મળેલ છે.

**મિશન મગલમ તાલુકા પંચાયત કચેરી**
**સાફલ્યગાથા**

ગામનું નામ : એછવાડા
તાલુકો : પાટડી
જિલ્લો : સુરેન્દ્રનગર

**સ્વસહાય જુથની વિગત**

જુથની રચના : ૧૭/૧૧/૨૦૦૭

જુથનું નામ : જય વડેચીમાં  સખી મંડળ

પ્રમુખનું નામ : હંસાબેન એન રાવળ

મંત્રીનું નામ : જનકબેન  કમાભાઈ પરમાર

જુથની પ્રવૃતિ : પાપડ નો વેપાર

સભ્ય સંખ્યા : ૧૦

સભ્યની માસીક બચત : ૫૦૦

કુલ બચત : ૨૫૦૦૦ /–

બેકનું નામ : પંજાબ નેશનલ બેંક , વણોદ

ખાતા નંબર : ૦૧૦૦૦૫૬૨૨૬



## પૂર્વ ભુમિકા

અમો એછવાડા ગામની બહેનો છીએ. અમારા આખા કુટુંબનું ભરણપોષણ એક જ વ્યકિત પર હતુ. યોગ્ય રીતે અમો કુટુંબનું ભરણપોષણ એક જ વ્યકિત પર હતુ. યોગ્ય રીતે અમો કુટુંબનું ભરણપોષણ આપી શકતા ન હતા.સ્ત્રી વર્ગ એ પણ પોતાના કુટુંબને આર્થિક રીતે મદદરૂપ થવા ઘરની બહાર નીકળવું પડે છે. પરિણામે ઘર અને બાળક તરફ ધ્યાન આપી શકાતુ નથી.

## પ્રવૃતિની શરૂઆત

કોઈપણ ક્ષેત્રમાં સફળ થવા માટે અથાગ પરિશ્રમ અને કામ કરવાની રૂચી હોવી જરૂરી છે. આ કાયમી મોઘવારીના જમાનામાં માત્ર એક વ્યકિત ની કમાણી ઉપર આખા કુટુંબનું ભરણપોષણ જીવનનિર્વાહ યોગ્ય રીતે થઈ શકે તેમ નથી . તેમા વળી રૂઢિચુસ્ત સમાજમાં અંધશ્રધ્ધા, કુરીવાજો , સામાજીક માન્યતાઓ, વારસાગત રૂપી કાદવથી ખદબદતા ગ્રામ્ય વિસ્તારની સ્ત્રીઓની હાલતો ખરેખર દયાજનક અને કફોળી બને છે. આર્થિક રીતે મદદરૂપ માટે ઘરની ચાર દિવાલો માથી બહાર પણ જઈ શકતી નથી.

પરંતુ અહી તો વાત કાંઈક જુદી જ છે. સુરેન્દ્રનગર જિલ્લાનો પાટડી તાલુકાનું એછવાડા ગામ ની તમામ વર્ગની તમામ જરૂરીયાત મંદ બહેનોને રૂચિ અને આવડત પ્રમાણેનું કામ મળી રહે તથા આર્થિક રીતે સ્વતંત્ર બની કુટુંબમાં સ્વમાનભરી જિંદગી જીવી પોતાની આગવી ઓળખ ઉભી કરી શકે તે માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની મિશન મંગલમ અંતર્ગત સખીમંડળ યોજના હેઠળ આ ગામની મહિલાઓએ ૧૦ બહેનોના માસિક રૂા.૫૦૦/– લેખે બચતના માધ્યમથી એક સખીમંડળના રચના કરી અને શરૂઆત થઈ આર્થિક સધ્ધરતા રૂપી કમળાના ખીલવાની.............

આ મહિલાઓએ બનાવેલ જય વડેચી સખીમંડળ ની બહેનોને તેમની કાર્યરૂચી અને આગવી સુઝ દવારા સહીયાર સંપ અને એકબીજાના પુરક પાપડ બનાવવાનું અને તેનુ વેચાણ કરવાનું કામ કરીએ છીએ.

સ્વસહાય જુથોનું બેંક ગ્રેડીગ કરાવી. મિશન મંગલમ યોજના અંતર્ગત પ્રોજેકટ કક્ષાએથી આર્થિક રીતે પગભર બનવા માટે દરેક જુથોને જુથદીઠ રૂા.૫૦૦૦/– રીવોલ્વીગ ફંડ આપેલ છે. માનવકલ્યાણ યોજના દવારા રૂા.૪૫૦૦/– ની કીટ મળેલ છે. આ બહેનો પોતાના મંડળમાંથી આંતરીક ધિરાણ કરી ને પાપડ બનાવવાનો તેમજ તેનું વેચાણ કરી પોતાનો ઘરનું ગુજરાન ચલાવે છે.

## સાર

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દવારા ચાલતી મિશન મંગલમ યોજના દવારા અમારા જુથની અમારા જેવી ગ્રામ્ય મહીલાઓની આર્થિક અને સામાજીક દરજજામાં સુધારો લાવવા માટે આત્મવિશ્વાસ અને આત્મસંમાન સ્વાયતતા ઉભી કરવા માટે આર્થિક રીતે આ યોજના અમો માટે આર્થિક રીતે આ યોજના અમો માટે મદદરૂપ બને છે. અમોને આ પ્રેરણા મળેલ છે.